Sustainable Development Goals (SDGs) ને સબંધિત National Social Assistance Programme (NSAP)' માટે SDGS Cellની રચના કરવા બાબત.

# ગુજરાત સરકાર

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક-SJED/DPRB/e-file/17/2026/0602/CHH-1

સચિવાલય, ગાંધીનગર

તા.૦૯/03/૨૦૨૫.

વંચાણે લીધા:-

(૧) નાયબ સચિવ(આયોજન), સામાંન્ય વહીવટ વિભાગનો તા.૧૫/૦૧/૨૦૨૬નો પત્ર નં.GAD/SDG/e-file/1/2026/0477/M.

(૨) MoSPI નો તા:૧૫/૦૫/૨૦૨૫નો પત્ર ક્રમાંક:I-12012/2/2025-State Unit-Part (4),

ઠરાવ:-

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના પત્રની વિગતો મુજબ ટકાઉ વિકાસ અંગેના સંયુક્ત રાષ્ટ્ર સંઘના એજન્ડા ૨૦30 અંતર્ગત ૧૭ Sustainable Development Goals અને ૧૬૯ લક્ષ્યાંકો નિયત કરેલ છે. આ ગોલ અને લક્ષ્યાંકોના આંકડાના આધારે ભારત સરકારના નીતિ આયોગ દ્વારા સમયાંતરે જુદાજુદા રાજ્યોનું પરફોર્મન્સ દર્શાવતા SDGsના રિપોર્ટ પ્રસિધ્ધ કરવામાં આવે છે. ગુજરાત રાજ્યના ટકાઉ વિકાસ લક્ષ્યાંકો (Sustainable Development Goals) અંતર્ગત વિવિધ કામગીરીનું સંકલન રાજય કક્ષાએ સામાન્ય વહીવટ વિભાગ (આયોજન પ્રભાગ) દ્વારા કરવામાં આવી રહેલ છે. આ કામગીરીનું અમલીકરણ સામાન્ય વહીવટ વિભાગ (આયોજન પ્રભાગ) અંતર્ગત ગુજરાત સામાજીક આંતરમાળખાકીય વિકાસ સોસાયટી (GSIDS) કરી રહ્યું છે. જેમાં વંચાણે લીધા ક્રમાંક (૧) મુજબના DIF (District Indicator Framework) અંતર્ગતનાં ૧૨૭ Indicatorsનો સમાવેશ થાય છે. જે પરત્વે વંચાણે લીધા ક્રમાંક (૨) મુજબ તા.૦૫/૦૪/૨૦૨૫ ના રોજ MoSPI દ્વારા યોજાયેલ Conference of State Government Ministers on 'Strengthening of Statistical System બેઠકમાં SDGs માં પ્રગતિ કરવાનાં હેતુસર SDGs સંલગ્ન વિભાગોમાં Dedicated SDGs Cell ની રચના કરવા સૂચના કરવામાં આવેલ. આ સુચન અન્વયે DIF (District Indicator Framework) અંતર્ગતનાં ૧૨૭ Indicators પૈકી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તક કાર્યરત કેન્દ્ર પ્રાયોજિત નેશનલ સોશિયલ અસિસ્ટન્સ પ્રોગ્રામ (NSAP) અંતર્ગત અમલમાં રહેલ ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના (IGNOAPS), ઇન્દિરા ગાંધી નેશનલ ડિસેબીલીટી

પેન્શન યોજના (IGNDPS) તથા રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (NFBS) આ 03 (ત્રણ) યોજનાઓના અમલીકરણ અને મોનીટરીંગની પ્રગતિની સમીક્ષા કરવા માટે નિયામકશ્રી સમાજ સુરક્ષાની અધ્યક્ષતામાં નીચે મુજબ "SDG Cell" રચવાનો નિર્ણય કરવામાં આવે છે.

1. નિયામકશ્રી, સમાજ સુરક્ષા – અધ્યક્ષ
2. ઉપ સચિવશ્રી, સમાજ સુરક્ષા – સભ્ય
3. નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષા – સભ્ય સચિવ

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દેવેન્દ્રસિંહ રાઠોડ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી (સ.સુ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી, (સ.સુ.) (નિયામકશ્રી સમાજ સુરક્ષા મારફત).
- સેક્શન અધિકારીશ્રી, (છ શાખા/છ-૨ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.